For Best Result Download The Sankalya App From Playstore

# Paper-5

**80 Marks**

**(Social Study)**

## SECTION - A

➧ નીચેના પ્રશ્નોનાં માગ્યા મુજબ ઉત્તર આપો (કુલ 24 પ્રશ્નો હેતુલક્ષી છે) (દરેક ના એક ગુણ) (Marks - 24)

1. બાબરની આત્મકથા કયા ગ્રંથમાં લખવામાં આવી છે ?
   A. તુઝેકે જહાંગીરી B. તુઝેકે બાબરી C. હુમાયુનામાં D. આયને અકબરી
2. યોગ્ય જોડકા જોડો.

| | | |
|---|---|---|
| 1. | નેગ્રીટો | a. વડનગર |
| 2. | સંગીત પારિજાત | b. ઓડિશા, પશ્ચિમ બંગાળ, તમિલનાડુના કિનારાના ભાગો |
| 3. | શર્મિષ્ઠા તળાવ | c. પંડિત અહોબલ |
| 4. | દલદલ કે પીટ પ્રકારની જમીન | d. મહિલા સશક્તીકરણ રાષ્ટ્રીય નીતિ |
| 5. | ઇ.સ. 2002 | e. હબસીઓ |
| 6. | | f. મહિલા સશક્તીકરણ વર્ષ |

3. યોગ્ય જોડકા જોડો.

| | | |
|---|---|---|
| 1. | તરાઇનાં જંગલો | a. 21 જૂન |
| 2. | વિશ્વ યોગ દિવસ. | b. ખદીર બેટ |
| 3. | એલિફન્ટાની ગુફાઓ | c. અમર્ત્ય સેન |
| 4. | કાંપની જમીન | d. ધારાપુરી |
| 5. | ભારતીય મૂળના અર્થશાસ્ત્રી | e. હિમાલય |
| 6. | | f. ઉત્તર ભારતનું મેદાન |

4. ઉત્પાદનમાં વિશ્વમાં બીજા સ્થાને આવતો પાક કયો છે?
   A. શેરડી B. કપાસ C. ઘઉં D. ડુંગર
5. ક્યા જળનો સૌથી વધુ ઉપયોગ સિંચાઈ માટે થાય છે ?
6. કૌસમાથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.નાના અને મોટા પાયાના ઉદ્યોગો, બાંધકામ વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ અર્થતંત્રના .......... વિભાગમાં કરવામાં આવે છે. (માધ્યમિક,પ્રાથમિક,સેવાક્ષેત્ર)
7. ભારતના દરિયાકિનારાની લંબાઈ કેટલા કિલોમીટર છે?
   A. 6516 B. 7516 C. 7990 D. 5515
8. કઈ કલા દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ છે?
   A. સંગીત કલા B. ચિત્રકલા C. નાટયકલા D. નૃત્યકલા
9. સિમેન્ટ ગુજરાતમાં રાસાયણિક ખાતરોના ઉદ્યોગો ક્યાં ? સ્થાપિત થયેલા છે?


Answer key and solution of this paper set will be released on our YouTube Channel on 2nd February

10. ભારત સરકારે રાષ્ટ્રીય સ્મારકો'ની જાળવણીનું કામ કોને સોંપ્યું છે ?
    A. પ્રવાસ અને પર્યટન ખાતાને
    B. પર્યાવરણ ખાતાને
    C. પુરાતત્ત્વ ખાતાને
    D. શિક્ષણ ખાતાને
11. ખરું કે ખોટું જણાવો : કાળી જમીનનો ઉદભવ દખ્ખણના લાવાના પથરાવાથી થયો છે.
12. અધિકારો એ કોનું અનિવાર્ય લક્ષણ છે ?
13. યોગ્ય જોડકા જોડો.

| | | |
|---|---|---|
| 1. | બજારમાં ચીજવસ્તુઓની અછત | a. સંગ્રહખોરી |
| 2. | | b. ખાદ્યપુરવણી |

14. કયું સ્થાપત્ય મધ્યકાલીન વિશ્વની સાત અજાયબીઓ પૈકીનું એક છે?
    A. ખજૂરાહોનાં મંદિરો
    B. તાજમહાલ
    C. આગરાનો લાલ કિલ્લો
    D. ઇલોરાનું કૈલાસ મંદિર
15. કૌસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. WHO.વિશ્વ-વ્યાપાર સંગઠન ભેદભાવ વગર ........ વ્યાપારને પ્રોત્સાહન પૂરું પાડે છે. (આંતરરાષ્ટ્રીય,રાષ્ટ્રીય,પ્રાદેશિક)
16. કઇ નીતિને પરિણામે ઇજારાશાહીને વેગ મળ્યો છે ?
17. કઇ ધાતુ હવાઇ જહાજના બાંધકામમાં બહોળા પ્રમાણમાં થાય છે?
18. ખરું કે ખોટું જણાવો : ઑસ્ટ્રેલોઇડ લોકો વ શ્યામ, લાંબું અને પહોળું માથું, ટૂંકું કદ અને ચપટું નામ ધરાવતા હતા.
19. યોગ્ય જોડકા જોડો.

| | | |
|---|---|---|
| 1. | ઇ.સ. 1992 | a. મહિલા સશક્તીકરણ વર્ષ |
| 2. | ઇ.સ. 1975 | b. મહિલા સશક્તીકરણ રાષ્ટ્રીય નીતિ |
| 3. | ઇ.સ. 2001 | c. મહિલા સુરક્ષાની રાષ્ટ્રીય નીતિ |
| 4. | ઇ.સ. 2002 | d. મહિલા વર્ષ |
| 5. | | e. રાષ્ટ્રીય મહિલા આયોગની રચના |

20. કઇ સંસ્થા શિક્ષિત બેકારોની નોંધણી તેમજ કામની જગ્યા- પ્રકાર વિશે વિશ્વસનીય માહિતી આપે છે ?
21. ખરું કે ખોટું જણાવો : કચ્છની ખાપરા-કોડિયાની ગુફાઓ કે. કા. શાસ્ત્રીએ શોધી કાઢી હતી.
22. કૌસમાથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.ભારત ..... વિચારધારાની સાથે વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ ધરાવે છે.(આધ્યાત્મિક,સાહિત્યિક,માનસિક)
23. બંધારણનો ક્યો આર્ટિક્લ રાજ્યપાલોને અનુસુચિત જનજાતિઓના હિતમાં ખાસ કાયદા કરવાનો અધિકાર આપે છે?
    A. 16 (6) B. 12 (7) C. 14 (8) D. 19 (5)
24. ભારતમાં હાથી પરિયોજના ક્યારે શરૂ કરવામાં આવી?
    A. ઈ. સ. 1982માં B. ઈ. સ. 1992માં C. ઈ. સ. 2002માં D. ઈ. સ. 2012માં

**SECTION - B**



SANKALYA

➽ પ્રશ્ન ક્રમાંક 25 થી 37 (13 પ્રશ્નો) માંથી કોઈપણ 9 (નવ) પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો (દરેકના બે ગુણ) (Marks - 18)

25. ગ્રાહક સુરક્ષામાં ગ્રાહક મંડળો ની ભૂમિકા સ્પષ્ટ કરો.
26. કારણ આપો કે ,આયોજનની ખામી ગરીબીનું જવાબદાર પરિબળ છે.
27. ભ્રષ્ટાચાર શબ્દનો અર્થ સ્પષ્ટ કરો.
28. ભારતમાં રાસાયણિક ખાતર ઉદ્યોગની ટૂંકમાં માહિતી આપો.
29. ભારતની એક પ્રાચીનતમ પ્રજા તરીકે ઓસ્ટ્રેલોઇડ પ્રજાનો પરિચય આપો.
30. ખનીજ તેલ વિશે વિસ્તારપૂર્વક માહિતી આપો.
31. પ્રવાસન સ્થળોની સ્વચ્છતા અને જતન વિશે તમારાં મંતવ્યો લખો.
32. 'ભારતનો ઘઉંનો પાક' સવિસ્તર વર્ણવો.
33. હકારાત્મક અને નકારાત્મક વ્યાપારતુલાનો અર્થ સમજાવો. તેની અસરો જણાવો.
34. વૈશ્વિકીકરણના ગેરલાભો જણાવો.
35. પ્રાચીન ભારતના એક નગર તરીકે લોથલનો પરિચય આપો.
36. ભારતીય સંગીતકલાની માહિતી આપો.
37. કોઈ પણ દેશના વિકાસની વ્યુહરચના ઘડવામાં માનવવિકાસ આંક મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સમજાવો

## SECTION - C

➽ પ્રશ્ન ક્રમાંક 38 થી 46 (9 પ્રશ્નો) માંથી કોઈપણ 6 (છ) પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો (દરેકના ત્રણ ગુણ) (Marks - 18)

38. ટૂંક નોંધ લખો : વાસ્તુશાસ્ત્ર
39. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો
    1. દચિગામ - **રાષ્ટ્રીય ઉદ્યાન** 2. નળસરોવર - **અભ્યારણ્ય** 3. પંચમઢી - **જૈવ આરક્ષીત ક્ષેત્ર**
    4. ગોરુમારા - **રાષ્ટ્રીય ઉદ્યાન**
40. ભારતની એક કલા તરીકે ભરતગૂંથણ કલાનો પરિચય આપો.
41. ટૂંક નોંધ લખો: ભરતી ઊર્જા
42. બાળ અત્યાચાર કોને કહે છે ? અત્યાચારનો ભોગ બનેલ બાળકો પ્રત્યે આપણી ફરજો કઈ કઈ છે?
43. મહિલા સશકતીકરણ એટલે શું ? તેનું સ્વરૂપ અને તેની આડેનાં અવરોધક પરિબળો જણાવો.
44. ટકાઉ વિકાસની વ્યુહરચના સમજાવો.
45. અન્ન સુરક્ષાના કાર્યક્રમ તરીકે 'મા અન્નપૂર્ણા યોજના'ની જોગવાઈઓ જણાવો.
46. ટૂંક નોંધ લખો : ભારતનો દરિયાઈ જળમાર્ગ

## SECTION - D

➽ પ્રશ્ન ક્રમાંક 47 થી 53 (7 પ્રશ્નો) માંથી કોઈપણ 4 પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો (દરેકના ચાર ગુણ) (Marks - 16)

47. પરિવહનના વિવિધ લાભો જણાવો.
48. ગરીબીનિવારણ કાર્યક્રમ અન્વયે 'કૃષિક્ષેત્રે' તથા 'ગ્રામોદયથી ભારતઉદય' કાર્યક્રમ હેઠળ સરકારે લીધેલાં પગલાંઓની વિગતે ચર્ચા કરો.
49. જંગલોના પ્રકાર વિશે સવિસ્તર નોંધ લખો.
50. અજંતાની ગુફાઓ વિશે માહિતી આપો.



SANKALYA

51. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓનાં કલ્યાણ અને વિકાસ માટે બંધારણમાં કઈ કઈ ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે ?
52. વિકાસશીલ અર્થતંત્રનાં લક્ષણો જણાવો.
53. માનવવિકાસ આંક સાથે સવિસ્તર સમજાવો.

## SECTION - E

➽ **તમને આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચેના ચાર સ્થળો યોગ્ય સ્થાને દર્શાવો** **(Marks - 4)**

54. નકશામાં દર્શાવો : કૃષ્ણરાજસાગર બહુહેતુક યોજના
55. નકશામાં દર્શાવો : ચા ઉત્પાદિત પ્રદેશ
56. નકશામાં દર્શાવો : સુંદરવન જૈવ આરક્ષીત ક્ષેત્ર
57. નકશામાં દર્શાવો : દલદલ કે પીટ પ્રકારની જમીન

★★★

SANKALYA


Answer key and solution of this paper set will be released on our YouTube Channel on 2nd February